# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૯/૬/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા 'સાંપ્રત કટોકટીમાં સ્ટાફ પરત્વેની કાયદાકીય જાણકારી' વિશે વેબીનાર યોજાયો

**સુરત :** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા તા. ૨૭ જૂન ૨૦૨૦ના રોજ સાંજે ૬:૦૦ કલાકે 'સાંપ્રત કટોકટીમાં સ્ટાફ પરત્વેની કાયદાકીય જાણકારી' વિષય ઉપર ૮૩માં વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં નિષ્ણાંત વકતા તરીકે સોસિયો–લીગલ કન્સલ્ટન્ટ એન્ડ એડવોકેટ શ્રી મેહુલ સિદ્ધપુરીયાએ લેબર કોસ્ટ અને મજુર કાયદા વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ. જ્યારે શ્રી રામકૃષ્ણ એક્ષ્પોર્ટ્સના સીએચસીઓ ડો. નિરવ મંડિરે માનવીય અભિગમથી બધી જ સમસ્યાઓનો અંત આવી જતો હોય છે તેમ જણાવ્યુ હતુ.

ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ જણાવ્યુ હતુ કે, સુરતમાં ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ ઇન્ડસ્ટ્રી તેમજ તેની સાથે સંકળાયેલી એન્સીલરીમાં આશરે ૨૫થી ૩૦ લાખ લોકોને સીધી અને આડકતરી રીતે રોજીરોટી મળે છે. એવામાં લોકડાઉન તેમજ હાલના અનલોક દરમિયાન કર્મચારીઓને પડતી પગાર સહિતની સમસ્યાને વાચા આપવાનો પ્રયાસ ચેમ્બર કરી રહયું છે. માનવીય અભિગમ દાખવી આપણે ચોકકસપણે સૌથી મોટી ભૂમિકા ભજવી શકીશું તો જ ઇન્ડસ્ટ્રીની જીવાદોરીને પણ ધબકતી રાખી શકીશું.

શ્રી મેહુલ સિદ્ધપુરીયાએ જણાવ્યુ હતુ કે, લોકડાઉન દરમિયાન સામે આવેલી બધી તકલીફો કરતા સેન્ટીમેન્ટ સૌથી વધારે અસર કરે છે. લાર્જ સ્કેલ કોર્પોરેટ, મિડિયમ સ્કેલ કોર્પોરેટ હોય કે પછી લઘુ ઉદ્યોગો હોય એમાં સૌથી મોટો

પ્રશ્ન લેબર કોસ્ટનો છે. મેન્યુફેકચરીંગ સેકટરમાં બુક્સ ઓફ એકાઉન્ટ્સ પર આવતી લેબર કોસ્ટ ૧૨ – ૧૫ ટકાથી વધારે કયારેય આવતી નથી. ઇન્ડસ્ટ્રીમાં લેબર કોસ્ટને જેટલી મોટી હાઇપ આપવામાં આવી છે એટલી ખરેખર છે જ નહી. કારણ કે એ સિવાયના ખર્ચા ઘણા બધા હોય છે. આથી લેબર કોસ્ટ માત્ર મેન્ટલ બ્લોક છે, જેમાંથી બહાર આવવાનું છે. પ્રવર્તમાન પરિસ્થિતિમાં એમ્પ્લોયરે એમ્પ્લોઇની અને એમ્પ્લોઇને એમ્પ્લોયરને સમજીને આગળ વધવાનું છે. કારણ કે સારો સમય આવશે ત્યારે એમ્પ્લોઇ પ્રોડકટીવ રિઝલ્ટ આપી શકે છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ભારતમાં હાલના તબકકે ૪૫થી ૪૭ મજુર કાયદાઓ છે. બધા કાયદાઓ ૧૯૪૭થી ૧૯૫૬ વચ્ચે ઘડાયેલા છે. ત્યારબાદ આઠ–દસ એમેડમેન્ટ આવ્યા હતા. કાયદામાં વર્કર અને વેજીસની ડેફીનેશન અલગ–અલગ છે. ખરેખર તો મજુર કાયદાનું નામ બદલીને તેની જગ્યાએ એમ્પ્લોયમેન્ટ કાયદા તરીકેનું નામ આપવુ જોઇએ. કર્મચારી માટે એપોઇન્ટમેન્ટ લેટરનું મહત્વ સમજાવી તેમણે લે ઓફ, રિટ્રેચમેન્ટ કમ્પન્સેશન, ટર્મીનેશન, સસ્પેન્શન, રેઝીગ્નેશન તથા વોલેન્ટરી રેઝીગ્નેશન વિશે માહિતી આપી હતી.

સિદ્ધપુરીયાએ વધુમાં કહયું હતું કે, માર્ચ મહિનામાં લોકડાઉન જાહેર થયુ ત્યારે કોઇને ખ્યાલ ન હતો કે લોકડાઉન કેટલું લંબાશે. દેશની આઠ–દસ કંપનીએ સુપ્રિમ કોર્ટમાં પીઆઇએલ દાખલ કરીને જજમેન્ટ માગ્યુ હતુ. ત્યારબાદ સુપ્રિમ કોર્ટમાંથી તા. ૨૭ જુલાઇ સુધી ઇન્ટ્રીમ ઓર્ડર આવ્યો છે. જેમાં એમ્પ્લોયર અને એમ્પ્લોઇ, કલેકટીગ બારગેનીંગથી નકકી કરે કે કેટલો પગાર આપવો જોઇએ. ટર્મ્સ ઓફ એપોઇન્ટમેન્ટમાં બાર મહિનાનો બાર પગાર આપવાનું આવે છે, પરંતુ ભારતના કાયદામાં આપત્તીમાં પગાર ચૂકવવા બાબતે કોઇ એડીક્વેટ પ્રોવિઝન નથી. તેમણે વર્ક ફ્રોમ હોમ વિશે કહયું હતું કે, જો કર્મચારી ઘરેથી કામ કરે છે તો એ તેની હાજરી પુરાવે છે અને તેને પગાર સંબંધિત બધી જ સવલતો આપવાની રહેશે.

ડો. નિરવ મંડિરે વેબીનારનું સંચાલન કર્યુ હતુ અને ટૂંકમાં સાર રજૂ કરતા જણાવ્યુ હતુ કે, માનવીય એપ્રોચથી બધી જ સમસ્યાઓનો અંત આવી જતો હોય છે. પરંતુ જ્યાં માનવીય અભિગમથી સમસ્યાઓ નહી ઉકેલાય ત્યારે કાયદાકીય અભિગમ તરફ જવાનો વારો આવતો હોય છે. અંતે તેમણે સર્વેનો આભાર માની વેબીનારનું સમાપન કર્યુ હતુ.